Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. વિક્રમ સંવત્ ૧૯૬૩. અશાડ. અંક ૧૨ મો.

## પ્રભુસ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

પૂરે [1]વાંછિત વેગથી સકલ જે છાયા ધરે શાંતિની,
ટાળે તાપ [2]કષાય કર્મજ તણો પીડા હરે [3]ભ્રાંતિની;
રક્ષા આશ્રિતની કરે પ્રણયથી રાખે સુખાકારમાં,
તે સેવો જિનકલ્પવૃક્ષ સુખથી જે સાર સંસારમાં. ૧

## બોધાષ્ટક.

### વસંતતિલકા.

મિથ્યાત્વની મલિનતા મન જે ધરે છે,
નિત્યે દુરાચરણથી નવ જે ડરે છે;
જે થૈ [4]પ્રમાદ વશ શ્રાવક જન્મ હાર્યો,

૧ મનોરથ. ૨ કામ, ક્રોધ, માન, માયા. ૩ સંસારમાં ભ્રમણ કરવાની.
૪ પ્રમાદને વશ થઇને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પામરે મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૫
જે [1]યત્નવાન નહિં કોમ સુધારવાને,
સાધર્મિને [2]વિપદમાંથીજ તારવાને;
જેણે સ્વધર્મ મનથી ન કદિ બજાવ્યો,
તે પામરે મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૬
જેણે જપ્યું નવ કદિ [3]જિનનામ પ્રીતે,
[4]સત્પર્વમાં નવ કર્યા તપ જે સુરીતે;
પાળી [5]છરી સુજિનતીર્થ વિષે ન આવ્યો.
તે પામરે મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૭
[6]ચારિત્રરંગ નિજ અંગ વિષે ન ધારે,
[7]આરામ આત્મ ધરવા નહિ જે વિચારે;
[8]આનંદ આત્મિક કદિ મનમાં ન લાવ્યો,
તે પામરે મનુજ જન્મ બધો ગુમાવ્યો. ૮

---

# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્ત્તા.

( ગત અંકના પૃષ્ઠ ૨૫૨ થી શરૂ. )

### ઐક્ય.

મહામુનિ ચિંતામણીએ ભારતવર્ષીય જ્ઞાન મંદિર વિષે દેશના આપ્યા પછી બીજેજ દિવસે **ઐક્ય** વિષે એક ટુંકુ અને સદ્બોધક વ્યાખ્યાન આપ્યું હતું. જ્ઞાન મંદિર વિષે કરેલી એ મહાનુભાવની દેશના સાંભળી વર્દ્ધમાન પુરના શ્રાવક વર્ગમાં

---

૧ પ્રયત્ન વાલો. ૨ વિપત્તિ-દુઃખમાંથી તારવાને યત્નવાન્ થયો નથી. ૩ જિન ભગવંતનું નામ. ૪ આઠમ ચૌદશ વગેરે સારા પર્વોમાં. ૫ છરી પાલતા યાત્રા ન કરી. ૬ ચારિત્રનો રંગ. ૭ આત્મામાં આરામ-વિશ્રામ. પક્ષે આત્મારામજી ગુરૂજીનું ધ્યાન ધરવા. ૮ આત્માનો આનંદ પક્ષે આત્માનંદ પ્રકાશથી થયેલો આનંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની સારી અસર થઇ ગઇ હતી. કેટલાએક આસ્તિક શ્રાવકોએ તો તેવું જ્ઞાન મંદિર સ્થાપન કરવા નિશ્ચય કર્યો હતો. અને પોતાની લક્ષ્મીનો તેમાંજ સદુપયોગ કરવા તત્પર થયા હતા.

બીજે દિવસે મહાનુભાવ ચિંતામણિએ એવું જાણી ઐક્ય વિષે વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન સમયે વર્ધમાનપુરની શ્રાવક પ્રજા તે સાંભલવાને ઉલટથી આવી હાજર થઇ હતી. વ્યાખ્યાનશાળા શ્રોતા અને શ્રોત્રીઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. જ્યારે બરાબર સમયથયો એટલે મહામુનિ ચિંતામણીએ નીચે પ્રમાણે પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું.–

પ્રિય શ્રાવક ગણ, આજે ઐક્ય ઉપર વ્યાખ્યાન આપવાનું છે. આ જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચાર પુરૂષાર્થ સાધવાનું મુખ્ય સાધન ઐક્ય છે. જ્યાં ઐક્ય હોય ત્યાં સર્વ પ્રકારના વિજય અને સર્વ પ્રકારની સંપત્તિ વાસ કરીને રહે છે. શ્રાવકો, તમારે પ્રથમ ઐક્ય શબ્દનો અર્થ સમજવાનો છે. ઐક્યનો અર્થ એકતા થાય છે, તે ઐક્યના ત્રણ પ્રકાર છે. ધર્મઐક્ય, ગુણ ઐક્ય અને સ્વભાવ ઐક્ય. એક ધર્મ સાંભલી એકજ ધર્મભાવના માનવી તે ધર્મઐક્ય કહેવાય છે. જેઓ જુદા જુદા ધર્મની ભાવનાઓને માને છે અને એક જ્ઞાતિ અથવા એક વર્ગમાં સામેલ થાય છે, તેઓમાં ધર્મ ઐક્ય રહી શકતું નથી. દાખલા તરીકે તમારી શ્રાવક કોમમાં પ્રતિમા માનનારા શુદ્ધ શ્રાવકો જો પ્રતિમાને નહિં માનનારા શ્રાવકાભાસોની સાથે ઐક્ય કરવા જાય તો તેઓનું ઐક્ય કદિપણ થતું નથી. જ્યાં એકજ ધર્મ ભાવના સર્વના હૃદયમાં રમી રહી હોય, જ્યાં પૂજ્ય અને માન્ય એકજ દેવ, ગુરૂ અને ધર્મ હોય, ત્યાં ધર્મનું ઐક્ય પ્રકાશમાન થાય છે અને તેનો દિવ્ય પ્રભાવ સર્વ સ્થલે પ્રસરી રહે છે.

બીજું ગુણઐક્ય એકજ જાતના ગુણોથી સંપાદિત થાય છે. જે વ્યક્તિમાં જે ગુણ હોય, તે વ્યક્તિનું તેવા ગુણીની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐકય થાય છે. સમાન ગુણુ વાળા મનુષ્યો તેવા નિર્મલ ઐક સાધી શકે છે. જેઓમાં પરસ્પર વિરૂદ્ધ ગુણુ રહેલા હોય તેઓની વચ્ચે કદિપણુ ઐકય થઇ શકતું નથી.

ત્રીજું સ્વભાવઐકય. સ્વભાવ એ પ્રકૃતિની સાથે સંબંધ ધરાવે છે. સુશીલ સ્વભાવી મનુષ્યોનું ઐકય સુશીલ સ્વભાવી મનુષ્યોની સાથેજ થાય છે. અને કુશીલ સ્વભાવી મનુષ્યોનું ઐકય કુશીલ સ્વભાવી મનુષ્યોની સાથેજ થાય છે. ભિન્ન ભિન્ન સ્વભાવ કે પ્રકૃતિવાલા મનુષ્યો કદિપણુ ઐકય મેળવી શકતા નથી.

પ્રિય શ્રાવકો, આ ત્રણ પ્રકારનું ઐકય બરાબર ધ્યાનમાં રાખી તેવા શુદ્ધ ઐકયને મેળવવા પ્રયત્ન કરજો. તમે સઘળાઓ એક ધર્મના આશ્રિત છો એટલે તમારામાં ધર્મઐકય સત્વર આવી શકશે. હવે તમારે ગુણઐકય અને સ્વભાવઐકય—એ બંને ઐકય મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. શ્રાવક એ શબ્દ કેવી વ્યક્તિને લાગુ પડે? શ્રાવકમાં શા શા ગુણ હોવા જોઇએ? અને શ્રાવકપણાનો અધિકાર કયારે પ્રાપ્ત થાય? એ બધાનો વિચાર કરી શ્રાવક પણાના સર્વ ગુણ સંપાદન કરવાથી ગુણ ઐકય પ્રાપ્ત થાયછે. અર્થાત્ બધા શ્રાવકો એકજ ગુણ વાલા હોય તો તેઓમાં ગુણ ઐકય એવું પ્રાપ્ત થાય કે, જેથી સંપની સંપત્તિ સહજ પ્રાપ્ત થાય છે. આથી દરેક શ્રાવકોએ ગુણઐકય મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. ત્રીજું સ્વભાવઐકય પણ તેવીજ રીતે પ્રાપ્ત કરી શકાય છે. સ્વભાવ પણ ગુણને અનુસરીને હોય છે. જ્યારે સમાન ગુણ પ્રાપ્ત થયો તો પછી સ્વભાવ ઐકય સંપાદન કરવું અશકય થતું નથી; કારણુ કે, સ્વભાવની પ્રવૃત્તિ ગુણને અનુસરીને રહેલી છે. સ્વભાવના બે ભેદ છે. દુઃસ્વભાવ અને સુસ્વભાવ. જો સારા ગુણુ સંપાદિત થયા હોય તો સુસ્વભાવજ થાય છે અને ગુણો સંપાદન થયા ન હોય તો દુઃસ્વભાવ થાય છે.

**પ્રિય શ્રાવકગણુ,** તમે એ ત્રણ પ્રકારના ઐકય વિષે વિચાર કરી તે પ્રમાણે પ્રવર્તન કરજો. એથી તમારામાં સંપની પૂર્ણ કળા ઉદય પામશે અને તમારા ધર્મની જાહોજહાલી વૃદ્ધિ પામશે. આજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલ એ ત્રણ પ્રકારના ઐક્યના અભાવથી તમારી ધાર્મિક અને સાંસારિક અવનતિ દેખાય છે. તમારામાં કુસંપ, કલેશ અને સ્પર્ધા વગેરે વિપરીત દોષો એથીજ પ્રબલતાને પામ્યા છે. સંઘ તથા જ્ઞાતિની સુધારણામાં તમને એ દોષો ખરેખરા અંતરાય કરનારા થઇ પડયા છે. સંપરૂપી કલ્પવૃક્ષનું તેથી સર્વથા ઊન્મૂલન થઇ ગયું છે. સામાજિક (કોન્ફરન્સ સંબંધી) ઊન્નતિ રૂપ સૂર્ય પ્રભાને આચ્છાદન કરવામાં તે મેઘપટલનું આચરણકરે છે.

પ્રિય શ્રાવક વર્ગ, એ ત્રણ પ્રકારનું ઐક્ય સંપાદન કરતી વખતે તમો તમારા ચંચળ મનને તાબે કરજો. જો એ મન તાબે નહીં રહી શકે તો તમારા ઐક્યને ક્ષણમાં તોડી પાડશે. મન એ સર્વ કષાયનું સાધન છે. બીજાઓના દોષ કે દુર્ગુણો જોઇને મનુષ્ય તેના ઉપર ક્રોધે ભરાય છે અથવા તેને અપ્રીતિનું પાત્ર ગણે છે. તેનું કારણ એ છે કે મનુષ્ય અન્યને પોતાનાથી જુદા જાણે છે તથા માને છે. દોષવાન્ ગણાતાં છતાં પણ એ મનુષ્ય આપણુંજ અંગ છે આપણાજ વર્ગનો છે, એથી તે આપણાથી ભિન્ન નથી. તે કર્માધીન થઇ વિપરીત સ્વભાવને ધારણ કરનારો થયો છે, તેમાં તેનો દોષ નથી, તેવો નિર્દોષ ધર્મબંધુ આપણી અપ્રીતિનું પાત્ર નથી; પણ અધિક પ્રીતિનું પાત્ર છે. તે કર્મના બલથી દોષવાન્ છે અને આપણે નિર્દોષ છીએ, માટેજ આપણા અનુગ્રહનું, આપણી દયાનું અને આપણી અમૃત દૃષ્ટિનું તે પાત્ર છે, માટે તેને સન્માર્ગે ચડાવવો જોઇએ. પોતાની મેલે ચાલવાને અસમર્થ એવા બે માસના બાલકને, તેના અશક્તિરૂપ દોષને જોઇને કયી માતા પ્રીતિથી લઇને કટીલંકે નથી બેસારતી? આંધળા મનુષ્યને શું દેખતા માણસે તેના અંધત્વના દોષ માટે દયાપાત્ર ગણવો કે તેની ફુટેલી આંખો જોઇ તેનો અનાદર કરવો? જેમ નિરાશ્રિત મનુષ્યને આશ્રમ આપવાથીજ શ્રીમંતની શ્રીમંતાઇ શોભે છે, તેમ સદ્‌ગુણી શ્રાવકે દુર્ગુણીના દોષ ટાળવાના પ્રયત્નથીજ અને પોતાના સદગુણોનું ઉત્તમ ઉદાહરણ તેને આપવાથીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું સદ્‌ગુણીપણું શોભે છે. તમારા ધર્મીબંધુ દોષવાન્ શ્રાવકો દોષ કરેછે તે જાણી જોઇને કરતા નથી પણ તેમના અજ્ઞાનથી કરે છે. તે દોષમાં જેટલી તમને દોષ બુદ્ધિ થઇ છે, તેટલી તેમને થઇ હોય તો તેઓ કદિજ દોષ કરે નહિં; અને એવા તમારામાં પણ ઘણા અવગુણો હશે કે જેમાં તમને ગુણબુદ્ધિ હોવાથી તમે તે છોડી શકતા નથી. મનુષ્ય પ્રકૃતિનો એવો સ્વભાવ છે કે જે ક્ષણે તે દોષને યથાર્થ દોષ રૂપ સમજે છે તે ક્ષણે તે અવશ્ય તેને ત્યજી દે છે. તેથી દોષવાલાના દોષ ટાલવાનો તેના સામે થઇ તેની ઉપર ગુસ્સો કરવો એ સફલ ઉપાય નથી, પણ તે દોષમાં તેને દોષ બુદ્ધિ પ્રગટે એવો તેને બોધ આપવો એજ સફલ ઉપાય છે. તેની સામે ગુસ્સો કરવાથી તમે પણ કર્મ બંધના કારણ રૂપ થાઓ છો, કદિ તેથી તેના દોષને તમે થોડી વાર દાબી શકોછો, પણ દોષનું મૂલ જે અજ્ઞાન તે તેનાં હૃદયમાં વિદ્યમાન હોવાથી પુનઃ પુનઃ તેનાથી દોષ જ થાય છે. અને એમ થવું એ સ્વાભાવિક છે.

માટે હે શ્રાવક ગણ, તમે જો બીજાને બોધના કારણ રૂપ થશો તો તમારામાં ત્રણ પ્રકારનું ઐકય પ્રાપ્ત થશે એટલે તે ઐકયના બલથી તમે સંઘ અને જ્ઞાતિનું હિત સારી રીતે કરી શકશો.

અપૂર્ણ

---

# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

## ( દ્વિતિય દર્શન ).

( ગત અંકના પૃષ્ઠ ૨૫૭થી શરૂ. )

**શ્રાવક ધર્મ**—કૃપાલુ, કહો તેવી આનંદ દાયક વાર્તા શી છે?
**યતિ ધર્મ**—મારા કેટલાએક આશ્રિત મુનિઓએ દીર્ઘ વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને જૈન કોન્ફરન્સના સબલ પક્ષને સ્વીકાર્યો છે. તેમની પવિત્ર મનોવૃત્તિમાં એવો નિર્ણય થતો જાય છે કે, ભારત વર્ષની જૈન કોન્ફરન્સ આર્હત ધર્મની પવિત્ર ભાવનાને જાગ્રત કરનારી છે. તેની અંદર સાંસારિક અને ધાર્મિક બંને વિષયો ચર્ચાય છે. જે સાંસારિક વિષયો છે, તે પણ પરિણામે ધર્મને પુષ્ટિ આપનારા છે. આ કાંઇ ઓછા આનંદની વાર્તા નથી.

શ્રાવક ધર્મ—મહાનુભાવ, એ ખરેખરા આનંદની વાર્ત્તા છે. જો મુનિઓ તનમનથી કોન્ફરન્સની ઉન્નતિમાં ભાગ લેશે તો અલ્પ સમયમાંજ તેની ઉન્નતિ થઇ શકશે.

હવે આપને એટલું કહેવાનું છે કે, આ વખતની કોન્ફરન્સની બેઠકમાં કાંઇ નવું જોવામાં આવ્યું હોય અને તેથી આપે તેનું કાંઇ ભવિષ્ય ધાર્યું હોય તો તે મને જણાવા કૃપા કરશો.

યતિ ધર્મ—ભદ્ર, આ વખતની કોન્ફરન્સે પોતાનો વિજય વાવટો સારી રીતે ફરકાવ્યો છે. લાખો રૂપીઆની સખાવત કરવામાં આવી છે. રાજનગરના ધર્મવીર પુરૂષોએ પોતાનું ધર્મવીર્ય દર્શાવી આપ્યું છે. મારા આશ્રિત મુનિવરોએ પણ તે મહા કાર્યને સારૂં અનુમોદન આપેલું છે. રાજનગર કે જે ભારતવર્ષમાં જૈન ધર્મનું પ્રખ્યાત પાટનગરના જેવું છે, તે સર્વની દૃષ્ટિએ સાબીત થઇ ચુકયું છે. ત્યાંના સંઘના આગેવાનો જે સિદ્ધક્ષેત્રના વ્યવહારના રક્ષકો અને સત્તાધીશો છે, એ સત્તાનું મહાત્મ્ય તેમણે વિશ્વના સંઘની આગલ ઉદારતાથી દર્શાવી આપ્યું છે.

શ્રાવક ધર્મ—મહાનુભાવ, એ વાત ખરેખરી છે. રાજનગર તે રાજનગરજ છે. આપ તેની જે પ્રશંસા કરો છો, તે સર્વ રીતે યોગ્યજ છે.

(આટલું કહી શ્રાવક ધર્મ ચિંતાતુર થઇ ગયો.)

શ્રાવક ધર્મની આવી ચિંતાતુર સ્થિતિ જોઇ યતિ ધર્મે નીચે પ્રમાણે પુછયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યતિ ધર્મ**—ભદ્ર, હમણાં જ હર્ષમાં હતા અને પાછા ચિંતાતુર કેમ થઇ ગયા? મેં જે પ્રશંસા કરી છે, તે તમારા આશ્રિત શ્રાવક વર્ગની જ કરી છે. પોતાના સ્વજનની પ્રશંસા સાંભલી તમને વધારે આનંદ થવો જોઇએ. તે છતાં આનંદ ને ચિંતા શેની થાય છે.

**શ્રાવક ધર્મ**—ભગવન્, આપની આગલ સ્પષ્ટ કહેવામાં કાંઇ પણ હરકત નથી. જ્યારે આપ મહાશયે રાજનગરના મારા આશ્રિત વર્ગની પ્રશંસા કરી તે સાંભલી મને પહેલો તો હર્ષ થયો હતો, પણ તરત જ મને એક વાત યાદ આવવાથી મારા મનમાં ભારે ચિંતા થઇ આવી છે.

**યતિ ધર્મ**—ભદ્ર, કહો શી ચિંતા થઇ આવી છે?

**શ્રાવક ધર્મ**—મહાશય જે મારા આશ્રિત વર્ગની આપ આવી ભારે પ્રશંસા કરો છો, પણ તેઓમાં જોઇએ તેવી એકતા નથી. તેઓમાંના કેટલાકના અંતર જુદા છે. કોન્ફરન્સ તરફ ભક્તિ-ભાવ ધારણ કરનારો વર્ગ જોઇએ તેટલા બલવાળો હજુ થયો નથી.

**યતિ ધર્મ**—ભદ્ર, એ વાત શી રીતે જાણવામાં આવી? મને તો સર્વના હૃદયનો એકજ ભાવ લાગતો હતો.

**શ્રાવક ધર્મ**—મહાનુભાવ, આપનું હૃદય નિર્મલ છે, તેથી આપને એમ ભાસે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. પણ મને તો મારા હૃદયમાં ખરેખરો ભાસ થઇ આવ્યો છે. કદિ કોઇ કોન્ફ-રન્સ તરફ ભક્તિભાવ રાખતા હોય છે તથાપિ તેઓ અમુક બાબતમાં પોતાની ઇચ્છા પ્રમાણે ન થાય એટલે કેટલીક વખત તેઓ પાછા હઠે છે. અને વખતે તેમ થતાં આ મહાન્પરિષદ્‌ની વિરૂદ્ધ થાય તેવો ભય રહે છે. મહાનુભાવ, આ બાબત કોન્ફર-ન્સને હાનિ કરનારી છે અને તેથી કોઇ વાર ભારતની જૈન મહા સમાજમાં અંતરાય આવવાનો મહા ભય રહે છે. અને તેને માટે મને મોટી ચિંતા ઉદ્‌ભવી છે.

**યતિ ધર્મ**—ભદ્ર, એવી ચિંતા કરશો નહિં. જિન શાસન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના પ્રભાવિક દેવતા તે અંતરાય દૂર કરશે.

**શ્રાવક ધર્મ**—મહાશય, આપના વચન સાંભળી મને હર્ષ થાય છે. તથાપિ જ્યારે કાંઇ નવીન અનિષ્ટ બનાવ બને છે, ત્યારે મારા મનમાં અતિશય અંતરાય થવાનો ભય રહે છે.

વળી જૈન મહા સમાજ એ ભારતીય જૈન પ્રજાના સર્વ પ્રકારનો ઉદ્ધાર કરવાનું મહા મંડલ છે. તેમાં સામેલ થનારા સર્વ ગૃહસ્થો પરસ્પર સાધર્મિ બંધુઓ છે. તેમના દેવ, ગુરૂ અને ધર્મ એકજ છે. અને તેમની હૃદયની ભાવનાઓ સમાન છે. તે છતાં પરસ્પર ભેદ ભાવ ધારણ કરે અને એકતાનો ભંગ થાય તેવા કારણો ઉત્પાદન કરે તો કેવો અનર્થ થાય?

ભગવન્, ઇચ્છું છું કે, શાસન દેવતા જૈન કોન્ફરન્સની રક્ષા કરો. ઉદિત થતા અંતરાયો નાશ પામી જાઓ. મારા અને તમારા આશ્રિત એવા શ્રાવકો અને સાધુઓના હૃદયમાં સારી ભાવના પ્રગટ થાઓ.

**યતિધર્મ**—ભદ્ર, મારા હૃદયમાં પણ કોઈ વખત શંકા રહ્યા કરે છે કે, જો કોન્ફરન્સમાં કોઇપણ વખત અશાંતિના કારણોનો ઉદય થશે તો સંપરૂપી કલ્પ વૃક્ષ સુકાઇ જશે અને કુસુંપરૂપી વિષ વૃક્ષ પલ્લાવત થશે.

**શ્રાવક ધર્મ**—ભગવન્, મને પણ એવી શંકા થયા કરે છે. અને કોન્ફરન્સમાં સંપ રૂપી કલ્પવૃક્ષ શી રીતે પલ્લવિત થાય? તેને માટે વિચાર આવ્યા કરે છે.

**યતિ ધર્મ**—(હર્ષ પામીને) ભદ્ર, નિઃશંક થા. મને એક ખરેખરો ઉપાય સુઝી આવ્યો છે, જો તે પ્રમાણે વર્ત્તન થાય તો ભારત વર્ષની જૈન પ્રજામાં કાયમને માટે સંપરૂપી કલ્પવૃક્ષ પલ્લવિત થાય.

**શ્રાવક ધર્મ**—તેવો શો ઉપાય છે!

**યતિ ધર્મ**—ભદ્ર, તે ઉપાય એ છે કે, હું મારા આશ્રિતોમાં પ્રવેશ કરૂં, અને તમે તમારા આશ્રિતોમાં પ્રવેશ કરો, તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ પોત પોતાના ધર્મમાં દઢીભૂત થવાથી કદિ પણ કુસંપ થવાનો વખત આવશેજ નહિં. વળી મુનિઓનો મુનિધર્મ કોઇની સાથે રાગદ્વેષ રાખવો ન જોઇએ તેવો હોવાથી, તેમજ શ્રાવકોનો ધર્મ તેમણે સર્વ સાધર્મિ બંધુઓ ઉપર સમાન ભાવ રાખી વર્તવું જોઇએ તેવો હોવાથી જ્યારે તેઓ આ પ્રમાણેનો સંપૂર્ણ અંશે અમલ કરશે ત્યારે તેઓમાં સંપરૂપી કલ્પવૃક્ષ સ્વતઃ પલ્લવિત થશે.

**શ્રાવક ધર્મ**—ભગવન્, આપે દર્શાવેલો આ ઉપાય બરાબર છે, પણ તેમાં મને શંકા રહે છે.

**યતિ ધર્મ**—શેની શંકા રહે છે?

**શ્રાવક ધર્મ**—ભગવન્, સાંભળો. મારા આશ્રિત શ્રાવકોનો કેટલોક ભાગ મારો અનાદર કરનારો છે. હું તેમની આગળ જાઊં છું, તથાપિ તેઓ મારો જોઇએ તેટલો સત્કાર કરતા નથી અને કેટલાક તો મારો તિરસ્કાર પણ કરે છે. એટલે હું નિરાશ થઇને પાછો આવું છું.

**યતિ ધર્મ**—(શોક કરીને) ભદ્ર, મારે પણ તેમજ બને છે. મારા કેટલાક મુનિઓ મારો સત્કાર કરતા નથી જો કે મારે કહેવું જોઇએ કે, કેટલાએક અનગારો મને ઘણો આદર પણ આપે છે અને ચારિત્ર ધર્મનો પ્રભાવ દર્શાવી મારી તરફ પ્રેમની દૃષ્ટિએ જુએ છે.

**શ્રાવક ધર્મ**—ભગવન્, એવી રીતે કેટલાએક મને પણ માન આપે છે, પણ તેવો વર્ગ ઘણોજ ઓછો છે. મહાનુભાવ, કહો ત્યારે હવે આપણે શો ઉપાય કરવો?

**યતિ ધર્મ**—ભદ્ર, મારા મનમાં એવું સ્ફુરે છે કે, હાલ આપણે ધૈર્ય રાખીને રહેવું અને જ્યારે તેવો પ્રસંગ આવે ત્યારે આપણે કોઇ સારો ઉપાય શોધી કાઢીશું કે, જેથી મુનિઓ અને શ્રાવકોના સમાજમાં સંપરૂપી કલ્પવૃક્ષ નિરંતરને માટે પલ્લવિત થઇ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવક ધર્મ—મહારાજ તેવો પ્રસંગ કયારે શોધશો ?
યતિ ધર્મ—ભદ્ર, તેને માટે લાંબો કાલ વિચાર કરવો પડશે.
શ્રાવક ધર્મ—ભગવન્, તે કામ સત્વર કરો તો વધારે સારૂં. કારણ કે જો વિલંબ થશે તો પછી આવા મહાન્ કાર્યને મોટી હાનિ થવા સંભવ છે. વળી હવે પછી ભવિષ્યમાં મળનારી કોઇ પણ કોન્ફરન્સોમાં જો સંપરૂપી કલ્પવૃક્ષ પલ્લવિત થયેલું નહિં હોય તો વખતે મોટી હાનિ થાય.

યતિ ધર્મ—ભદ્ર એ શંકા રાખશો નહિ, કારણ કે, હવે પછી મળનારી કોન્ફરન્સમાં પ્રથમ (છઠ્ઠી) ભાવનગરમાં મળનારી છે. અને ભાવનગર એ સૌરાષ્ટ્ર દેશનાં ઉત્તમ ક્ષેત્ર કહેવાય છે. સારા સારા વિદ્વાન્ અને ચારિત્રધારી મુનિવરો એ ક્ષેત્રમાં વિચરેલ છે.પવિત્ર મુનિવરોની ઉપદેશવાણીરૂપ અમૃતજલથી એ ક્ષેત્ર ઉપર ઘણા લાંબા વખતથી હમેશાં સારૂં સિંચન થયા કરે છે. તેમજ તમારા આશ્રિત શ્રાવકો પણ એ ક્ષેત્રમાં ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ પામેલા છે. ભદ્ર, વધારે શું કહેવું ? એ ક્ષેત્રના સંઘની અંદર કુસંપનો પ્રવેશ થવો પણ અશકય છે. તેમ છતાં કદિ કાલના પ્રભાવથી જો ત્યાં કુસંપરૂપ વિષવૃક્ષ પ્રગટ થશે તો પણ તે ચિરકાલ ટકી શકશે નહિ. કારણ કે, એ સંઘને તેવે પ્રસંગે શાસન દેવતા સંપૂર્ણ સહાય કરવાને તત્પર થશે.

અપૂર્ણ.

# સમુદ્રતટપરના વિચારો.

લક્ષ્મીના ક્રીડાપ્રદેશ જેવા, લલિત લલનામાં લુબ્ધ અનેક લક્ષ્મીપતિઓના નિવાસસ્થાનરૂપ, ચિત્તને ચમત્કાર પમાડનાર, વિરકત વિચારવાળાને પણ મહા મોહમાં નાખનાર એવી સાર્થક નામાભિધાનવાળી મોહમયી નગરીના પશ્ચિમ તરફના, એક શાન્ત પણ શ્વેત સુંદર હવેલીઓની હારોની હારોને લીધે જોનારની દ્રષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ચિત્ત ઉભય ને વિસ્મય અને આનન્દ આપનાર લત્તામાંથી, ચોમાસાની એક સુંદર સાંજે, બે યુવાન મિત્રોનું જોડું પસાર થતું હતું. એમના દેખાવપરથી એઓ ઊચ્ચ હિંદુ કુટુંબના ફરજંદો હોય એમ જણાતું હતું. ઉભયે ઉજવળ બંગાળી કુમાશના ધોતીઆં અને કાળા ચકચકીત કાશ્મીરીના ડગલા પહેર્યા હતા. એકે મસ્તકના રક્ષણાર્થે ચાઇના બધર્સની ઊંચી વાડની એક ટર્કીશ કેપ પહેરી હતી ત્યારે તેના સોબતીએ એક આછા ગુલાબી રંગનો જેપુરી ફટકો વીંટયો હતો. નવીજ ફેશનના તૈયાર કરેલા પેટર્ન પ્રમાણે બનાવેલી ગીનીની વીંટીઓ એમની આંગળીઓમાં, અને રૂપેરી હાથાવાળી ઇંગ્લીશ બનાવટની છત્રી ઓ તેમનાહાથમાંશોભીરહી હતી. (એક ઘડીએ ઘડીએ શિરોવેષ્ટનને હાથમાંલઇ ચાલતાં ચાલતાં એને આમતેમ નિહાળતો હતો; વળી કંઇ સ્મરણ થતાં એ પદભ્રષ્ટ કરેલી તે પુનઃ સ્વસ્થાને પ્રતિષ્ઠિત કરતો હતો; ત્યારે બીજો પોતાની 'ઇંગ્લીશમેડ' છત્રીને હવામાં આમ તેમ ફેરવતો, હાથને, પટ્ટા ખેલનારાઓ કરે છે તેવા 'હાથ' ની કસરતનો અનુભવ કરાવતો હતો.)

ઉભયે ધીમે પગલે વાતો કરતા ચાલતાં ચાલતાં રસ્તાના બે ફાંટા આવ્યા ત્યાં જમણા હાથ ભણીનો પસંદ કર્યો. એ પરથી એમ અનુમાન થયું કે એમનો ઇરાદો સમુદ્ર તરફ ફરવા જવાનો હશે; કારણ કે, એ જમણા હાથ ભણીનો રસ્તો એકાદ વળાણ લીધા પછી સીધો ત્યાંજ જતો હતો; અને અનેક નિર્ધન કે ધનવાન, યુવાન કે વૃદ્ધ, નાગરિકોનો વ્યાપાર રોજગારના પરિશ્રમથી બે ઘડીનો વિશ્રામ લેવા ત્યાં ફરવા હરવા આવવાનો પરિચય પડી ગયો હતો. વ્યવહારથી ખિન્ન થએલા ગ્રહસ્થ નાગરિકોનેજ આ સ્થાન ઇષ્ટ હતું એમ નહોતું. ગૃહ-વાસ ત્યજેલા વિરાગી યોગીજન પણ અપ્રતિમ સ્વાભાવિક સૃષ્ટિ સૌંદર્યનો અનુભવ પામવા કોઇ અન્તર બળના પ્રેરાયલા—આકર્ષાયેલા ત્યાં આવતા ફરવા આવેલાની દ્રષ્ટિએ પડતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ભાઇ રમણિક" જળનિધિનાં ઊછળતાં જળ જોઇ ટોપી-વાળો જેને હરતાં ફરતાં ટોપી મસ્તકપરથી હાથમાં લેવાનો અભ્યાસ પડી ગયો હતો તે બોલ્યો: "ગૌરવ અને ઉત્કૃષ્ટતાનો આદર્શ કોઇએ કયાંય પણ વિલોકયો હોય તો તે આજ છે. આને જોઇને મને એક અંગ્રેજ કવિની કૃતિ સ્મરણમાં આવેછે—

Stupendous Ocean,
Beautiful, Sublime, and glorious
Mild, majestic, foaming, free
Overtime itself victorious
Image of iternity.

"વાસ્તવિક છે. એ અંગ્રેજ ચિતારાએ એના સ્વરૂપનો યથાયોગ્ય ચિતાર આપ્યો છે" વાતવાતમાં બેઉ મિત્ર રત્નાકરના તટપર આવ્યા અને એક લાંબી શીલા ગોઠવેલી પડી હતી તેના ઉપર બેઠાં. બેસતાં બેસતાં રમણિક બોલ્યો– "તું કહે છે તે બરાબર છે. હું ચોતરફ નજર કરૂંછું તો દ્રષ્ટિ મર્યાદાથી પણ પેલે પાર સુધી વિસ્તાર પામેલો એટલે કે જેની હદ હું નકી કરી શકતો નથી એવો આ જળનિધિ મને ખરેખર એક ચમત્કાર લાગે છે. એને જોઇ, એના અન્તર્માં તરંગો ઉછળે છે તેમ મારા અન્તર્માં પણ અનેક તરંગો ઉદ્ભવે છે. પણ—પણ હું મારા તરંગો કહી બતાવું તેની પૂર્વે એ પાશ્ચિમાત્ય કાવની કૃતિ બરાબર ધ્યાનમાં લઇએ."

"ઠીક, જો. અતિવિશાળ એવા આ રત્નાકર સાગરને વિશેષણો આપ્યાં છે એ પ્રત્યેક સાભિપ્રાય છે," પોતે જે કડી બોલ્યો હતો તેમાંના પત્યેક પદને પુનઃ ઉચ્ચારતો એનો અર્થ બેસારતો મોહન બોલ્યો "એ સુંદર છે, કારણકે એનામાં સૌન્દર્ય અને શોભા રહેલી છે. વળી ગૌરવવાળો છે, કારણકે ઉન્નતિ અને મહત્વનો idea આપેછે. એ કીર્તિમાન પણ છે, કારણકે આવો વશાળ અને ગૌરવવાળો હોઇને સર્વ કોઇના મુખથી પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશોગાન શ્રવણ કરે છે. વળી એને ક્ષમાશીલ કહ્યો એ પણ સાભિપ્રાયજ છે, કારણકે એ કદી પોતાનો શાન્ત અને દયાર્દ્ર સ્વભાવ ત્યજીને પ્રચંડભાવ ધારણ કરે તો એના ઉદરપર આરૂઢ થઇને વહેતા અનેક નૌકાસમુહ કુશલજળપ્રયાણ કરી સુખે પોતાને ઇષ્ટસ્થાને પહોંચે છે એ દુઃખે પહોંચત. વળી એને એક રાજાની જેવા પ્રતાપવાળો વર્ણવ્યો એમાં કંઇ અસત્ય નથી, કારણ કે એક રાજાના જેટલુંજ એનું પણ અતિ પ્રૌઢ ઐશ્વર્ય છે. વળી એને foaming કહ્યો એ તો પ્રત્યક્ષજ છે કારણ કે જુઓ એમાં હિમાદ્રિના શિખર સમાન ઉજ્વળ નવા રૂના ઢગલા જેવા ફીણના રાશિ ને રાશિ ચઢયાજ કરે છે, આ રત્નાકરને વળી free નું ઉપનામ આપ્યું એમાં પણ કંઇ અતિશયોક્તિ નથી કારણ કે એ સ્વતંત્ર અને સ્વેચ્છાચારિ છે, અહો રાત્રિ ગમે એમ ઉછળ્યા ઊછળ કરે છે. વળી એ ગમે એ સમયે પણ અસ્તિત્વવાળો છે. એ સર્વદા વિદ્યમાન છે માટે Time (કાળ) ઉપર એને વિજય મેળવનારો કહ્યો એ પણ યથાર્થ છે. કારણ કે કાળે ગમે એ વસ્તુનો ઉપાન્તરરૂપે નાશ છે, પણ આનો નાશ નથી. જો ! આ મેં કહ્યું એનું આ કવિનું છેલ્લું ચરણ સાક્ષી ભૂત છે. એ વિદ્વત્તાનો અધિકારિજ આ રત્નાકરને Image of eternity એટલે નિત્યતાની પ્રતિમા-અર્થાત્ સાક્ષાત શાશ્વતત્વ કહે છે. ”

“ શું સુંદર ચિત્ર ” મોહને કરેલ કાવ્યાર્થને સમજી સમજીને, ચર્વણ કરેલું ગળે ઉતારતો હોય એમ રમણિક બોલ્યો. “ ધન્ય છે એ ચિત્રકાર કવિને અને એની લેખનશક્તિને ! પણ ભાઇ મોહન, તને અત્યારે આ જળસમૂહ જોઇને એ અંગ્રેજ કવિએ વર્ણવેલા વિચારનું સ્મરણ થયું તેમ મને પણ એના દર્શનથી કંઇક અનુભવ થાય છે. પણ એ મારો અનુભવ એ તદ્દન ભિન્ન; તારા અંગ્રેજથી ઇતર તારા અંગ્રેજનો બોધ આપણને એકું માર્ગે દોરી જાય છે, ત્યારે મારા અંતઃકરણને મારી બુદ્ધિ અન્ય વિચાર શ્રણીમાં પ્રેરે છે. એ બહુદર્શી અંગ્રેજના અનુભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગમાં આવ્યું એ એણે ચિતર્યું એ ઉત્તમ છે; જળનિધિ સમુદ્રના યશોવાદને ગુણગાન કરી, એને ઉચિત ન્યાય આપ્યો છે. પણ મારા અંતઃકરણમાં ઉદ્ભવે છે એ એના ગુણવાદ કે યશોગાનના વિચારો નથી. આપણા પકવબુદ્ધિના શાસ્ત્રકારોના બુદ્ધિપરિપાક આવા સ્થળોના દર્શનરૂપી દધિમાંથી જે તાત્પર્યાર્થ–સારભૂત માખણ વલોવી કાઢે છે તેના વિચારોમાં મારૂં હૃદય રોકાયલું છે. ”

“ જો ભાઇ ” વિચારના વમળમાં ગોથાં ખાતો ખાતો નિશ્ચયની સપાટી ઉપર તરી આવ્યો જણાતાં, રમણિક મોહનને પોતાના અસ્ફુટ પણ દ્દઢ Morals[1] પોતે સમજતો હતો તેવી રીતે સમજાવવા પ્રયત્ન કરવા લાગ્યો:—

“ જો ભાઇ મોહન, તારા અંગ્રેજના sea-side thoughts[2] માં એની વિશાળતા, સૌન્દર્ય, શ્રેષ્ઠતા, સહિષ્ણુતા, ઐશ્વર્ય અને નિત્યતા આદિનું ભાન કરાવ્યું છે ત્યારે મારા આર્ય શાસ્ત્રકાર મને આ જ સમુદ્રનું દર્શન કરાવી એના–ક્ષણમાં ગગનસુધી ઉછળતા અને ક્ષણમાં પાતાળમાં પેસી જતા ચંચળ કલ્લોલોનું, પ્રસંગે પ્રસંગે જળ ઉભરાઇ આવતાં થતી કહેવાતી ભરવાનું અને પુનઃ એ શાન્ત થઇ જતાં થતા કહેવાતા ઓટનું, અને એના અગાધ ઉંડાણમાંથી જન્મ પામી વય થયે પ્રબલ થઇ અનિષ્ટ કરતાં પાછું વાળી ન જોતા એવા એના તોફાનોનું તાદ્દશ ચિત્ર મારા ચક્ષુ સમીપે ખડું કરી, વસ્તુ માત્રના ઉદય અને અસ્તનું, ... સમાજના સુખ—દુઃખનું અને સંસારમાં મનુષ્ય માત્રને નડતી અનેક બલવાન ઉપાધિઓનું અસ્તિત્વ સાબીત કરી આપે છે. ”

“ એ તો કપાળે કપાળે જુદી મતિ ” મોહન બોલ્યો– “ એકનેએક સ્થળને એક વ્યકિત કેમ અનુભવે અને અન્ય વ્યકિત કેમ અનુભવે. મારા અંગ્રેજે તો ફક્ત સમુદ્રના ગુણો

૧ નીતિપાઠ ૨ સમુદ્રતટપરના વિચારો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવલોકયા છે. અને તારા શાસ્ત્રકારોએ એ ગુણો અવલોકવા કારવવાનું એક બાજુએ મુકી તું કહે છે તેમ એ જળનિધિના દૃષ્ટાન્તપરથી આપણે શો સાર ગ્રહણ કરવાનો છે એ બતાવવા પ્રયત્ન કર્યો છે. તો એ એમના પ્રયત્નમાં એઓ સંપૂર્ણ અંશે વિજયી નીવડયા છે કે કેમ એ અવલોકવાનું રહે છે. કારણ કે, આ વિશાળતાના આબેહુબ ચિતારરૂપ સમુદ્રને જોઇને શું વસ્તુમાત્રને ઉદય અને અસ્ત, જનસમાજમાં સુખ અને સાથે લાગ્યું દુ:ખ, અને સંસાર ચક્રની બળવાન ઉપાધિઓજ સ્મરણમાં આવે છે? પણ એ વાત પછી—એ પછી જોવાશે. પહેલાં તો તું મને એમ કહે કે સંસારમાં શુ એ ઉદયાસ્ત–સુખ--દુ:ખ આધિ ઉપાધિ, સર્વ છે? ”

“ હા ભાઇ હા, સંસારમાં એ સર્વ છે. ” મોહનના મનની શંકાનું સમાધાન કરવા પ્રયત્ન કરતા રમણિકે હાસ્યથી ઉત્તર આપ્યો—“ સંસારમાં એ સર્વ સુખ (?) છે. સમજ કે સંસારી જીવને સુખ કયાંથી હોય? અનેક વિધ દુ:ખમાં કદાચિત યત્કિંચિત સુખ પ્રાપ્ત થાય તો તે એ નશ્વર હોય છે, માટેજ શિષ્ટ પુરૂષોએ આ સંસારને અસાર અને મિથ્યા કહ્યો છે. (એમાં એક પરમાત્માનું સ્મરણજ સાચું છે.) એમાં અવતરનારને પોતાના પૂર્વભવનાં કર્મના યોગે નાનાં પ્રકારના સુખ દુ:ખ ભોગવવાં પડે છે. (નિર્ધનતા કે દ્રવ્યપ્રાપ્તિ, વંધ્યત્વ કે પુત્ર પ્રાપ્તિ ઇત્યાદિ એ કર્મજન્ય દુ:ખ સુખ છે.) ”

“ત્યારે આ વાત તું મારા ચિત્તમાં ઠસાવવા માગે છે, તે સર્વ મનુષ્યો નથી સમજતા એમ તારૂં કહેવું છે? ”

“ના, મારૂં એવું કહેવું નથી. સર્વ મનુષ્યો એ સમજે છે અને કહે છે સુદ્ધાં કે આ સંસાર સુખની ઇચ્છા કેવળ કુમાડાના બાચકા ભરવા જેવી છે. પણ એક પણ જણ પોતાના અન્ત:કરણમાં એ વાત ઠસાવતો નથી. માત્ર મુખેથી દુ:ખ દુ:ખ પોકાર્યા કરે છે. ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" ત્યારે એવાઓ શું દુઃખને દુઃખરૂપે નથી જાણતા કે દુઃખ દુઃખ પોકાર્યા કરે છે ને સુખનો માર્ગ શોધતા નથી ?"

" ના, એમ નથી. જો કે કેટલાક અજ્ઞાની જીવો એવા હશે કે દુઃખને સુખરૂપે માનતા હશે (કારણકે પોતાનું મન માને તે સુખ અને ન માને તે દુઃખ) તો એ કેટલોએક ભાગ એવો હશે કે જે દુઃખને દુઃખજ માનતો હશે; પરન્તુ કર્યાં કર્મ ભોગવવાં પડે છે. ભોગવવા શિવાય છુટકો નથી. પછી તે શુભ હો કે અશુભ હો. શુભ કર્મ તે પુણ્ય-એ એ ભોગવવું જોઇએ છીએ; નહિં કે કેવળ અશુભ કર્મ કે પાપજ."

મોહનની શંકાઓ નિવારણ કરવા રૂપ આ સંવાદ આટલે સુધી ચાલ્યા પછી થોડા સમય પર્યન્ત શાન્તિનું રાજ્ય પ્રસર્યું.

એવામાં રમણિકના સમુદ્રના દર્શનથી ઉદ્ભવેલા વિચારોને જાણે વિશેષ સહાયની અપેક્ષા છે તે હું પરિપૂર્ણ કરૂં એમ ધારીનેજ હોયની એમ સામે દષ્ટિ મર્યાદામાં ભૂરા આકાશમાં એક ન્હાની નાજુક વાદળી સમુદ્ર ઉપર ઝુલતી હતી તે ક્ષણવારમાં આપણા મિત્રોને મસ્તકે આવીને વિખરાઇ ગઇ.

દિવસ વર્ષારૂતુનો હતો તેથી થોડાજ વખત પહેલાં જે મેઘ બે છાંટા માગતાં માત્ર શરમ આવ્યે વૃષ્ટિ કરી ગયો હતો અને જે બાળકો કહે છે તેમ પાણી થઇ રહેવાથી પાછું પાણી ભરવા ગયો હશે—તે પુનઃ વગર માગ્યે વર્ષવા માંડશે તો સર્વને પવિત્ર સ્નાન કરાવતાં આપણને કેમ બાતલ કરશે—એવી ભીતિથી, રમણિક, જે વખતે વખતે ઉંચે દૃષ્ટિપાત નાખ્યા કરતો હતો તેની દષ્ટિએ આ બનાવ પડયો. એ જોતાંજ એ બોલી ઉઠયોઃ—

" જોયું કે ?" મોહન જે પોતાના મિત્ર રમણિકના આ ન્હાના શા વ્યાખ્યાન ઉપર—એમાં ભરેલાં અમૃતમય બોધ વચનોઉપર અને વિશેષતઃ એની પોતાની આવી અનુપમ વિદ્વત્તા અને ગુરૂના સમાન સમજાવવાની શક્તિ-ઉપર મોહિત થઇ ગયો હતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને એની મોહનિદ્રામાંથી જાણે જાગ્રત કરી એની દૃષ્ટિને પોતાની દૃષ્ટિ સામું જોવરાવી રમણિકે ઉંચે આકાશ ભણી આંગળીની સંજ્ઞા કરી કહ્યું—"જોયું કે, ભાઇ મોહન ? મારા આ વિચારને આ વાદળી પણ સહાયભૂત થવા આવી–થઇ–ને ગઇ. સમુદ્રના કલ્લોલો આપણને જે વસ્તુ માત્રનો અનિત્ય સ્વભાવ આદિ બતાવે છે તેજ અનિત્યતા આપણને આ ન્હાની શી વાદળી, જે ક્ષણ પૂર્વે તો સ્વચ્છાચારે વિહાર કરતી આકાશ ને સમુદ્રથી વચ્ચે અદ્ભૂત–અલૌકીક લીલા ભરી ઝુલતી હતી, તે વાયુના એકજ સપાટાથી વિખરાતાં, શીખવી ગઇ."

મોહને ઉંચે જોયું–આકાશ ભણી જોયું–તો વાદળાંથી આ શ્યામ જણાતું હતું તે વાદળને વીખરાઇ ગયેલી વાદળીએ નિર્મળતા આપેલી જણાઇ.

પણ મોહન આ બધું શ્રવણ કરીને તેના ઉપર મનન કરે તે કરતાં રમણિક આ બધી Philosophy વૈરાગ્ય, ને ડહાપણ, ને કયાં શીખી આવ્યો તે જાણવાની એને પ્રબળતર જિજ્ઞાસા થઇ

પ્રિય વાંચનાર, મોહનની એ પ્રબળ જિજ્ઞાસાને તૃપ્ત કરવાની આવશ્યક્તા સ્વીકારીને પણ, એને તૃપ્ત કરતાં પહેલાં એક ત્રીજા પાત્રની સાથે ઓળખાણ કરવી જરૂરની છે.

મોહન અને રમણિકનાં ન્હાનાં ન્હાનાં lectures જો કે એ બે મિત્રની વચ્ચેજ હતાં, ત્રીજા કોઇને માટે ન હતા. તોપણ એનો એક ત્રીજો જણ શ્રોતા તો હતો. એમણે અહીં આવીને શીલાપર બેઠક લીધી ને સેહેજ વખત થયો હશે એટલામાં ત્યાં એક પ્રાૈઢ વયનો ગૃહસ્થ આવીને એજ શિલાને એક ખુણે બેઠો હતો.

એણે શરીરે એક સ્વેત ઝીણું અંગરખું પહેર્યું હતું, અને માથે એક નવા જેવી કસબી તોરા વાળી પાઘડી હતી પણ પગ ઉઘાડા હતા; વળી કપાળમાં કેસરનું તિલક હતું. તેથી અને મસ્તકે રહેલી પાઘડીનો ઘાટ જોતાં, એ એક ગુજરાત તરફના જુના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારના જૈન ગૃહસ્થ હશે એમ અનુમાન થતું હતું.

એ ગૃહસ્થ વાલકેશ્વરની ઉંચી ટેકરી પરથી ધીમે ધીમે ચાલ્યા આવતા હતા ત્યાં શ્રમ લાગવાથી, જગ્યા જોઇ જરા વિશ્રામ લેવા બેઠા હતા.

બેઠા બેઠા એ બન્ને મિત્રોના "સમુદ્રતટપર" ના વિચારો એક ધ્યાનથી શ્રવણ કરતા હતા. એમને પણ એ ગોષ્ટીમાં ભાગ લેવાની પ્રબળ ઇચ્છા થતી હતી પરંતુ પોતે એક વૈદેશિક અને એમની સાથે અંશ પણ પરિચય નહોતો—એ અવસ્થાએ એમની પ્રબળ ઇચ્છાને દાબી દીધી હતી.

એમણે મોહનનું અંગ્રેજી જ્ઞાન,—એણે સમજાવેલી કવિતાના અર્થ પરથી જાણીને મસ્તક ધુણાવ્યું. પોતે જોકે એ ભાષા જાણતા નહોતા, તોપણ જે એણે અર્થ કર્યો તેનો મર્મ સારી રીતે સમજ્યા હતા અને એ સમજાવનાર પ્રત્યે કોઇ અવ્યક્ત આકર્ષણને લીધેજ જાણે સ્નેહભર્યા દ્રષ્ટિપાત નાખતા હતા.

રમણિકની જ્ઞાન સંપત્તિએતો એમને સવિશેષ આશ્ચર્ય પમાડયા હતા. પોતાને પ્રૌઢાવસ્થા પ્રાપ્ત થયેલી હોવાથી યુવાવસ્થાને યોગ્ય સંસારના વિચિત્ર છંદો તરફ કંઇક કંઇક ત્યાગવૃત્તિ થવા માંડી હતી. એ ત્યાગવૃત્તિને વિશેષ સફળ કરવાના હેતુથી એઓ વળી એને વૈરાગ્યના પુસ્તકો—કથાઓ આદિનું જળ સિંચન કર્યા કરતા હતા; અને ત્યાગી એવા યોગીજનો—સંવેગી મુનીઓ આદિના સંસર્ગમાં પોતાનો ઘણોખરો કાળ નિર્ગમન કરતા હતા. 'સારસ્વત' ની એકાદ વૃત્તિ ધારી શીખી, પછી, સંસ્કૃત કાવ્ય આદિ સ્વયમેવ વાંચતાં—સમજતાં—અર્થ કરતાં આવડે એવી વેગવતી ઇચ્છાને વશ થઇ, અંગ્રેજી સ્કૂલોમાં શીખવવામાં આવેછે એ માર્ગોપદેશિકાનો અભ્યાસ કર્યો હતો. આટલો અભ્યાસ એમને તુરત કંઇ સહાયક થઇ પડયો નહોતો પરન્તુ એટલું તો એટલું સંસ્કૃત પણ કંઇ વાકયો લખતાં વાંચતાં સમજતાં આવડવામાં સહાયભૂત થાય એજ એમનું તુરતને માટે ઇષ્ટ હતું. જો કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછળથી એટલે જ્યારે આપણે એમને અહીં જોઇએ છીએ ત્યારે એમનો એ વિષયનો અભ્યાસ કંઇક અનુભવથી કંઇક એ વિષયના અભ્યાસીઓના સંસર્ગથી અને કંઇક પોતાની મેળે જરૂર જોગા પુસ્તકો ખેસે, ન ખેસે તો પણ ગુરૂ પાસે જઇ પુછી પુછીને, સમજીને વાંચવાથી વધી ગયો હતો.

આમ હોવાથી રમણિકે સમુદ્રને જોઇને જે જે વિચારો દર્શાવ્યા તથા મોહનના મનની શંકાઓનું અસ્ખલિત પણે સમાધાન કરવા પ્રયત્ન કર્યો તે સાંભળીને પોતે એવું વૈરાગ્ય વૃત્તિને સિંચન કરનારૂં ઘણું વાંચેલું–અનુભવેલું એને લીધે, સાનન્દાશ્ચર્ય પામ્યો. વળી એના "સમુદ્ર તટ પર"ના વિચારોને ઉપકારક એવા તત્ક્ષણ મળી આવેલા વાદળીના દષ્ટાંતે તો એને આ ગૃહસ્થ પાસેથીઘણુંજ ઉત્તમ Certificate અપાવ્યું.

એ વિદેશી ગૃહસ્થ મુંબઇ આવ્યા અને અહીંઆ યુવાન મિત્રો જેને પોતે અંગ્રેજી ભણેલા ધારતો હતો તેમના આવા અમૂલ્ય ઉદ્‌ગારો સાંભળ્યા, તે પહેલાં તો પોતે એમજ સમજતા હતા કે, જેઓ અંગ્રેજી ભણે છે તેઓ કંઇ સહેજ સાજ ગુજરાતી ભણી જરૂર જોગુ અંગ્રેજી જાણી પરીક્ષા આપી આવે છે એટલુંજ બાકી એમને સંસાર વ્યવહારનું કશું જ્ઞાન હોતું નથી, અને સાધારણ સમજ શક્તિ સમજ સિવાય વિશેષ જાણવાનો પ્રયત્ન કરવાની સુદ્ધાં ઇચ્છા હોતી નથી. "પણ આ ઉભય મિત્રની આવી અનુકરણ કરવા યોગ્ય ગોષ્ટીએ એમને શ્રવણ પથે પહોંચી એમની એ સમજણ ફેરવી, એમની ભૂલ સુધારી, એમને પ્રાયશ્ચિત આપ્યું. પ્રાયશ્ચિયને અન્તે એમને કહ્યા વિના ચાલ્યું નહિ. કે મેં અત્યાર સુધી ઉતાવળા થઇને કોઇને વિષે અયોગ્ય અભિપ્રાયો બાંધ્યા હોય તો તે મારો દોષ મિથ્યા હોજો. આજ રમણિક અને આજ મોહન એમના સંવાદપરથી અંગ્રેજી ભણેલા જણાય છે છતાં, મેં પૂર્વે બાંધેલો અભિપ્રાય એમનેમાટે અંશ માત્ર સત્ય નથી.

અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદાસુંદરી.

( ગત અંકના પૃષ્ઠ ૨૧૯થી શરૂ. )

### જંગલમાં

ભયંકર જંગલમાં સિંહ, વ્યાઘ્ર, વગેરે ક્રૂર પ્રાણીઓની ગર્જના થઇ રહી હતી. કોઇ પણ મનુષ્ય દૃષ્ટિ માર્ગમાં આવતું ન હતું. શીકારી પ્રાણીઓના જુદા જુદા ભયંકર શબ્દો શ્રવણ-ગોચર થતા હતા. આ વખતે એક મુસાફર તે જંગલમાં આવી ચડયો હતો. આ જંજાળમાંથી પ્રસાર થઇ તે એક બંદર ઉપર જવાનો હતો. પોતે એક સારી સ્થિતિનો વેપારી હતો.

માત્ર કૌતકથી આ જંગલ જોવાને આવી ચડયો હતો. તેનો બીજો કાફલો બંદર ઉપર પડાવ કરી રહ્યો હતો. તે મુસાફર આગળ ચાલ્યો ત્યાં એક સુંદર સ્ત્રી વૃક્ષ નીચે બેસી રૂદન કરતી તેના જોવામાં આવી. તેને જોતાંજ મુસાફરના હૃદયમાં દયા આવી, તે સહાય કરવાની બુદ્ધિથી તેની પાસે આવ્યો. તે મુસાફરને જોતાંજ તે સ્ત્રી વધારે રૂદન કરવા લાગી. મુસાફર તેણીને ઓલખી શકયો નહિ પણ તે સ્ત્રીએ તેને ઓળખી લીધો. તે બોલી, કાકા, હું કર્મયોગે અહિં આવી ચડી છું. મારા પતિ મને અંહી મુકી કયાંઇ ચાલ્યા ગયા છે, તે શામાટે ગયા હશે? એ વાત હું તદન જાણુતી નથી.

તે મુસાફર બોલ્યો–બ્હેન, તમે કોણ છો? અને અહિં શામાટે આવી ચડયાં છો? તે સ્ત્રી બોલી, કાકા, શું મને નથી ઓળખતા? હું તમારી ભત્રીજી નર્મદા સુંદરી છું. તે નામ સાંભળતાંજ તે મુસાફર આશ્ચર્ય પામી ગયો. તેણે નર્મદાસુંદરીને સારી રીતે ઓલખી લીધી. પોતાની ભત્રીજી આવા ઘોર જંગલમાં અનાથા–અશરણા થઇ ફરે છે, તેને માટે તેના હૃદયમાં ઘણોજ ખેદ ઉત્પન્ન થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચનાર, આ મુસાફરને ઓળખી શકશે નહિં. તેમજ નર્મદા સુંદરી આ જંગલમાં શી રીતે આવી? એ વાત પણ તેના જાણવામાં આવી શકશે નહિં. તેથી તે વાત પ્રગટ કરવી તેવી આવશ્યક છે.

મહેશ્વરદત્ત જ્યારે નર્મદા સુંદરીને લઇને યવનદ્વીપમાં જતો હતો. બંને દંપતી વાહાણમાં બેસી સમુદ્ર પ્રયાણ કરતા હતા. તે વખતે કોઇ પાસેના દ્વીપમાંથી એક મધુર સંગીત સાંભળવામાં આવ્યું. તે સંગીતનો સ્વર પુરૂષનો હતો. તે સાંભલી નર્મદાએ પોતાના પતિને જણાવ્યું, " પ્રાણનાથ, સાંભલો આ કેવો મધુર કંઠ છે? અનુમાનથી જણાય છે કે, તે સ્વર કોઇ પુરૂષનો છે. આ ગાયન કરનાર પુરૂષનું શરીર શ્યામ છે, તેના હાથ, પગ અને કેશ સ્થૂલ છે. અને આ ગાયક મહા સત્વવંત પુરૂષ છે." સતી નર્મદાએ પોતાના જ્ઞાનબલથી અને નિર્મલ હૃદયથી ગાયક-ની આ પ્રમાણે પ્રશંસા કરી. તે સાંભલી મહેશ્વરદત્તના હૃદયમાં શંકા આવી. તેણે વિચાર્યું કે, " જરૂર કાંઇક આ સ્ત્રીના હૃદયમાં વિકાર થયો છે. જેમ મેના કૌશીક પક્ષી સાથે લુબ્ધ થાય છે, તેમ આ મારી પ્રિયા એ ગાયકની સાથે લુબ્ધ થએલી જણાય છે. જો તે લુબ્ધ ન હોય તો તે અદૃશ્ય પુરૂષના સ્વરૂપને શી રીતે જાણી શકે? અહા! સ્રીઓ કેવી અધમ હોય છે. આ પ્રિયાને હું તો મહાસતી જાણતો હતો, પણ તેતો પિતા અને મારા શ્રાવક કુલને કલંકિત કરનારી નીકલી. અમૃતવલ્લી, વિષવલ્લી થઇ પડી. આવી દુષ્ટ સ્રીનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. તેનો તો ત્યાગજ કરવો ઉચિત છે." આ પ્રમાણે મહેશ્વર દત્ત ચિંવતો હતો, ત્યાં યવનદ્વીપનું બંદર આવી પહોંચ્યું. મહેશ્વર દત્ત નર્મદાને લઇને ત્યાં ઉતર્યો. તેના મનમાં નિશ્ચય થયો કે, આ દુષ્ટ સ્રીનો ત્યાગ કરી દેવો આવા વિચારથી તે બંદર ઉપર ઉતરી નર્મદાને લઇને પાસેના વનમાં ગયો હતો. એક સ-રોવરને કાંઠે બેઠો ત્યાં શ્રાંત થયેલી નર્મદાસુંદરીને નિદ્રા આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગઇ. તેણીને નિદ્રા આવેલી જોઇ મહેશ્વરે વિચાર્યું કે, "જો હું આ સ્ત્રીને મારી નાખું તો મને સ્ત્રીહત્યાનું મહાપાપ લાગે, માટે એણીને અહિં નિદ્રાવશ મુકી ચાલ્યો જાઉં." આવું વિચારી મહેશ્વરદત્ત તેણીને સૂતી મુકી ચાલ્યો ગયો. પછવાડે પેલો મુસાફર આવ્યો અને તેણે નર્મદાસુંદરીને જોઇ હતી. જે પ્રસંગ વાંચનારના ધ્યાનમાં છે,

જ્યારે નર્મદાસુંદરી જાગ્રત થઇ ત્યારે તેણીએ પોતાની પાસે પોતાના પતિને જોયો નહિ, એટલે એ ચિંતામગ્ન થઈ ગઇ. તેણીએ ભયભીત થઇ જંગલના ચારે ભાગ જોવા માંડયા. પણ ક્યાંઇ પણ મહેશ્વરદત્ત જોવામાં આવ્યો નહિં. "પતિ ઓ પતિ ! ઓ પતિ !" એમ પોકાર કરતી એ બાલા અરણ્યમાં અટન કરતી હતી. અને પંચમેષ્ટીનું સ્મરણ કરતી હતી. તેવામાં પેલો મુસાફર તેણીને મલ્યો હતો. જે પ્રસંગ વાંચનારના ધ્યાન ઉપર આવેલો છે.

નર્મદા સુંદરીને જે મુસાફર મળેલો છે. તે વીરદાસ નામે વણિક છે. તે નર્મદાસુંદરીનો કાકો થાય છે. તે વ્યાપાર કરવાને યવન દ્વીપમાં આવ્યો હતો. તેને કર્મયોગે નર્મદાસુંદરીનો મેલાપ થઇ આવ્યો હતો.

વીરદાસે પોતાની ભત્રીજીને શાંત કરી અહિં આવવાનું કારણ પુછ્યું, તેણીએ પોતાનો વૃતાંત સવિસ્તર કહી સંભળાવ્યો. પછી નર્મદાને ધીરજ આપી અને પોતાની સાથે લઇ વીરદાસ બર્બર દેશ (યવનદ્વીપ) માં આવ્યો. નગરની બાહેર તંબૂ નાખી તેણે પોતાનો કાફલો ત્યાં ઉતાર્યો અને નર્મદા સુંદરી સુખે ત્યાં રહેતી હતી.

## વિપત્તિમાંથી વિમુક્તિ.

વીરદાસ યવનદ્વિપમાં રહેતો હતો. તે નગરમાં તે સારી રીતે વિખ્યાતિ પામ્યો હતો. યાચક લોકોને સારા સારા દાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી તેણે પોતાની દાન કીર્તિ સર્વ સ્થળે પ્રસરાવી હતી. તેના પટભવન (તંબુ) ની આગલ યાચકોના વૃંદ ઉભરાઈ જતાં હતા.

એક વખતે એક દાસી વીરદાસની પાસે આવી ઉભી રહી. વીરદાસે તેણીને પોતાની પાસે બોલાવીને પુછયું-સુંદરી, તું કોણ છે? અને અહિં શામાટે આવી છું? તે રમણી હસતી હસતી બોલી-શેઠજી, આ નગરમાં હરિણી નામે એક સુંદર વેશ્યા છે. તે આ નગરના યવનપતિ મહારાજાની માનિતી છે. યવનપતિ તેણીના સૌંદર્ય અને સંગીતથી મોહિત છે. તેથી મહારાજા યવનપતિએ એવી વ્યવસ્થા કરી છે કે, જે કોઇ વ્યાપારી આ દ્વીપમાં વેપાર કરવાને આવે તે દરવર્ષે તે હરિણી વેશ્યાને એક સો આઠ સોના મ્હોરો આપે. તેથી તેણીએ મને આપની પાસે મોકલી છે. વલી તે આપને પ્રત્યક્ષ મલવા ઇચ્છેછે. આપ જો એક વખત તે રમણીની મનોહર મૂર્ત્તિ અવલોકશો તો આપનું હૃદય ઘણું પ્રસન્ન થશે."

દાસીના આવા વચન સાંભળી વીરદાસ વિચારમાં પડયો. વીરદાસ સદા સંતોષનું મહાવ્રત ધારણ કરતો હતો. એની મનોવૃત્તિ પરસ્ત્રી કે વેશ્યા તરફ પૂર્ણ અનાદર ધરાવતી હતી. તેથી તેણે હરિણી વેશ્યાને તે દાસીની સાથે એકસો આઠ સોનામહોરો મોકલાવી આપી. દાસીએ તે દ્રવ્ય પોતાની સ્વામિની હરિણીને આપ્યું. તે વખતે વેશ્યાએ દાસીને કહ્યું, દાસી, મારે તેની પાસેથી દ્રવ્ય લેવાની ઇચ્છા નથી. ગમે તેમ કરીને તેને અહીં લાવ્ય. તે ઉપરથી દાસી વીરદાસને બોલાવા ગઇ. વિવેકી વીરદાસે વેશ્યાની પાસે આવવાની ના કહી. પણ તે ચતુર દાસી તેને ગમે તેમ સમજાવીને વેશ્યાની પાસે લાવી. વેશ્યાએ વીરદાસને હાવભાવથી વશ કરવા માંડયો, પણ તેણીના હાવભાવ વૃથા થયા. વીરદાસની પવિત્ર મનોવૃત્તિ તેણીના હાવભાવને તાબે થઇ નહિ. વેશ્યા હરિણી જયારે વીરદાસની ઉપર વિજય મેલવી શકીનહિં, એટલે તેવેશ્યાએ કપટ કરી વીરદાસના હાથમાંથી તેના નામની મુદ્રિકાકાઢી લીધી પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણીએ વિરક્ત ભાવ દર્શાવ્યો અને વીરદાસ ત્યાંથી છુટી પોતાના પટભવનમાં આવ્યો.

વીરદાસના આવાસમાં એક સુંદર સ્ત્રી રહે છે, એ વાત હરિણીના જાણવામાં આવી હતી. તેથી હરિણી કોઇપણ યુક્તિથી તેને હરણ કરવાની ઇચ્છા રાખતી હતી. જો તે રમણી પોતાના તાબામાં આવે તો તેણીને એક શ્રૃંગારનું ઉત્તમ સાધન થઇ પડે આવી કુધારણા તે હરિણીનાં હૃદયમાં રહેલી હતી.

એક વખતે વીરદાસ વેપાર અર્થે ઉતારાની બાહેર ગએલ તે અવસર જાણી હરિણીએ દાસીને કહ્યું કે, આ મુદ્રિકાની એંધાણી આપી તું શેઠને ઉતારેથી તે સુંદર સ્ત્રીને લઇ આવ્ય. પોતાની શેઠાણીની આજ્ઞાથી તે ચતુરદાસી નર્મદાસુંદરીની પાસે આવી અને કહ્યું કે, વીરદાસ શેઠ અમારે ઘેર બેઠા છે અને તમને ત્યાં બોલાવે છે. જુઓ આ મુદ્રિકાની એંધાણી આપેલી છે. નર્મદા સુંદરી પોતાના કાકાની નામાંકિત મુદ્રિકા જોઇ નિઃશંક પણે દાસીની સાથે ચાલી. દાસી તેણીને વેશ્યાના ઘરમાં લઇ ગઇ. ત્યાં વેશ્યાએ તેને પોતાના એક ગુપ્તગૃહમાં સંતાડી રાખી.

અપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

વિદ્યાભ્યાસને માટે પ્રખ્યાતી પામેલા કચ્છ કોડાય ગામમાં મુનિ મહારાજ શ્રી હંસ વિજયજી સાહેબ તથા પન્યાસજી શ્રી સંપદ્ વિજયજી આદી મુનિરાજ પધાર્યા હતા. આ ગામમાં બે જીનાલય ઉપરાંત એક શિખરબંધ પાષાણનું જ્ઞાન મંદિર છે, તથા બીજા બે મોટા જ્ઞાન ભંડારો છે. તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એક ભંડાર તો વિવિધ રંગના આરસ પાષાણના કપાટોથી સુશોભિત થયેલો છે. તેમજ જૈનશાળા, કન્યાશાળા, તથા પરગામથી વિદ્યાભ્યાસ માટે આવનારી જૈન બાનુઓ માટે બોર્ડીંગ સહિત એક શ્રાવિકાશાળા પણ અહીંયા છે. જેવી રીતની જ્ઞાન પુસ્તકોની સાર સંભાળ અને જ્ઞાન ભક્તિ અહીં દેખવામાં આવે છે, તેવી અન્યસ્થલે આખા હિંદુસ્તાનમાં જવલેજ આપણે જોઇ શકીશું. અહીં હમેશ દેરાશરની માફક ગણધરાદિ ગુંફિત આર્હત્ વાણીના પુસ્તકોની ધૂપ પૂજા પૂર્વક સ્તુતિ સ્તોત્ર સ્તવનાદિથી ભક્તિ થાય છે. યદ્યપિ આવી રીતે ઊન્નતિના શિખર ઉપર આ ક્ષેત્ર ચડેલું છે. તોપણ ખામીઓ ઘણી છે, અંહીના ત્રણે ભંડાર ની ટીપ જૂના જમાનાને અનુસરતી છે, તે નવી ઢબપર ગ્રંથ કારોનાં નામ વિગેરેથી ભુષિત થવી જોઇયે.—

પઠિત વર્ગમાં પણ કેટલાએક સ્ત્રી પુરૂષો મતભેદને લઇ પ્રાચીન દેરાસરને અવિધિ ચૈત્ય ગણી ત્યાં દર્શન કરવા જવું પસંદ કરતા નથી, અને તેઓ થોડા વર્ષો ઉપર બનેલા નવીન દેરાસરમાં જાય છે.

અપઠિત પુરૂષનો મોટો ભાગ ખેડુત વર્ગ છે, તેઓ માંહેલા કેટલાક તો કોઇપણ દેરાસરે દર્શન કરતા નથી. કારણકે તે આપણા શ્રાવક ભાઇયોને હળ લઇને અને શ્રાવિકાઓને પોતાનાં બાળ બચ્ચાં સાથે ખભે કોદાળો મૂકી ક્ષેત્રમાં જવું પડે છે. તે બિચારો ખેડુત વર્ગ સવારના પહોરમાં ઉઠી માથે રોટલા મુકી સિમમાં જાય છે. તે વર્ગની દયાજનક એવી સ્થિતિ છે કે, તેઓ ગળે ચાંદા પડેલા જખમી લોહી લુહાણ થએલા બલદોને ગાડે તથા હળમાં કે પાણીના કોસ ખેંચવામાં જોડતાં જરા પણ અંચકો ખાતા નથી, તે જોઇને દયાળુ સાધુ સાધ્વી વર્ગના હૃદયમાં કસકમાટી ઉઠે છે, તેવો જુલમ એક કોડાયમાંજ છે એમ નહિં, આ કચ્છ દેશમાં ઘણા ખરા સ્થલે બેલોના આ હાલ છે. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીચારા મુંગા પ્રાણીયોની દાદ કોણ સાંભળે, એટલાજ માટે **મુનિ મહારાજ હંસવિજયજી સાહેબ** વારંવાર જૈનપત્રોમાં લેખ આપી પોકાર ઉઠાવે છે, આ બાબતનો રાજસભાથી બંદોબસ્ત માટે પગલા ભરવાના મી૦ અમરચંદ પી. પરમારે મુનિ મહારાજના પત્રમાં સ્વીકાર કર્યો હતો, પરંતુ તે વિષે હજુ કાંઇપણ પગલા ભરવામાં આવ્યાં હોય એમ લાગતું નથી. અરે ! અંહીનો અપઠિત વર્ગજ આવો છે, એમ ન સમજવું પઠિત વર્ગમાંથી પણ કેટલાએક ખેતીવાડી કરે છે. ખેડુત વર્ગમાં વાશી વિદળનો પણ બહુ કમ વિચાર હોય છે. તેમની સ્ત્રીઓ રૂતુ ધર્મ પણ કવચિતજ પાળે છે, તેથી બીજી સુશીલ સ્ત્રીઓનો સ્પર્શ કરી આભડછેટ કરી મુકે છે. તેથી દેવગુરૂ અને જ્ઞાનની મોટી આશાતના થાય છે, અલબત આવા કુરીવાજને તદ્દન બંધકરવા ન્યાતથી બંદોબસ્ત થવાની જરૂર છે. કચ્છ દેશની અંદર કોડાયનો શ્રાવક વર્ગ વ્યાખ્યાન શ્રવણ કરવામાં ઘણો ઉત્સાહ ભર્યો ભાગ લે છે, મુનિ માહારાજના વ્યાખ્યાનની અસર થતાં કેટલાએક ભાવિક સદગૃહસ્થોએ દેવ પૂજા કરવાનો તથા દર્શન કરવાનો નિયમ લીધો છે, અને સાથે રાત્રી ભોજનાદિકનો પણ ત્યાગ કર્યો છે.—

તે ઉપરાંત કોડાય ગામના જખમી બેલોની દવા કરવાનો અહીની પાંજરાપોળ તરફથી સ્તુત્ય ઠરાવ કર્યો છે. આવી રીતે કચ્છના સર્વ ગામોવાળા ઠરાવ કરે તો કેટલો મોટો લાભ થાય, અને તે અવાચક પ્રાણીયોનો કેટલો મોટો આશિર્વાદ મળે તે સુજ્ઞ સજ્જનો સહેજ સમજી શકે તેમ છે, આ ઠરાવ ઉપરાંત અહીંના દેરાસરની નગ્ન પુતળીઓને સુધારી લેવામાં આવી છે, અહીંનો તથા રાયણ ગામનો દાખલો લઇ મુદ્રા તથા ભદ્રેશ્વરાદિ દેવલોના કાર્યભારીયોએ બીભત્સ પુતળાંને સુધારવાની ખાસ આવશ્યક્તા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારા જાણવામાં ખાસ બારીકીથી જોનાર તરફથી આવ્યું છે કે, આબુજીમાં પણ આવાં બિભત્સ ચિત્રો સૂક્ષ્મ આકારમાં કોતરેલાની લાઇન છે. જો આમ હોય તો લાગતા વળગતાઓએ બારીકીથી તપાસ કરી તેનો તાબડતોબ સુધારો કરવો જોઇએ. કારણ કે આવા નામાંકિત દેરાસરોમાં ખરાબ ચિત્રો કે કોતરકામ હોય તો તેની ખોટી અસર બીજાના દિલમાં સચોટ બેસી જાય છે, જૈન દેવળોમાં વૈરાગ્ય જનક કે ભક્તિ દર્શક ચિત્રો હોવા જોઇએ.

કોડાયથી વિહાર કરી મહારાજ સાહેબ નાગલપુર થઇ કચ્છ માંડવી પધાર્યા છે, તેમનું ચોમાસું કચ્છ માંડવીના દરિયા કાંઠે તારઓફીસની પાસેના મકાનમાં થનાર હોવાથી તેમનું પધારવું દાદાવાડી થતાં પ્રાતઃકાળથી માંડવીના ઉત્સાહી ગૃહસ્થો સામૈયું તૈયાર કરવા મચ્યા હતા, તેઓ બડા ઠાઠમાઠથી વસ્ત્રાલંકારમાં સજ્જ થઇ સામા ગયા હતા, શહેરમાં નવ વાગ્યાના શુમારે દબદબા ભર્યો તેમનો પ્રવેશ થતાં દરેક રસ્તાઓમાં લોકોના ટોળાંનો ઠઠ જોવા મળ્યો હતો, તેમની મુખમુદ્રા જોઇ જૈનવર્ગ ઉપરાંત ક્ષત્રી બ્રાહ્મણ અને ભાટીયા લોકો નમસ્કાર કરતાં નજરે આવતા હતા. દશ વાગતાના સુમારે વરઘોડો શહેર બહાર નીકળ્યો હતો, ત્યાં દરિયા કાંઠા ઉપર આવેલા શ્રી અજીતનાથજી મહારાજના શિખર બંધ દેરાસરમાં દર્શન કરી મહારાજ શ્રીએ ઉપાશ્રયના સ્થાનપર પધારી શ્રી અજીતનાથ સ્વામી અને સગર ચક્રવર્તીની ઉત્પત્તિનું વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં પ્રાત્યે હજાર શ્રોતા સ્ત્રીપુરૂષોએ ભાગ લીધો હતો, સ્થાનકવાસી ભાઇયો તથા અન્યદર્શનીયો પણ હાજર હતા, અને છેવટે મુનિમહારાજની મીષ્ટ વાણી સાંભળી સાકરની પ્રભાવના લેઇ શ્રોતાજનો વિદાય થયા હતા.

For Private And Personal Use Only